Ministry of Housing and Urban Affairs
Government of India

# ટકાઉ શહેરી પરિવહન માટેનાં ૧૦ સિદ્ધાંતો

Green Urban Mobility Partnership




"જ્યારે શહેરમાં રાજમાર્ગો હોય ત્યારે શહેર વધુ સભ્ય હોય નથી કહેવાતું, પરંતુ જ્યારે ટ્રાઈસિકલ ચલાવતો બાળક સરળતાથી અને સલામતી સાથે બધે ફરવા સક્ષમ હોય છે ત્યારે જ શહેર સભ્ય કહેવાય છે." (એનરિક પેનાલોસા)

એક કાર્યક્ષમ પરિવહન પ્રણાલી જ શહેરી વિસ્તારોને સ્પર્ધાત્મક બનાવે છે. તેની મદદથી જ નોકરી, શિક્ષણ અને આરોગ્યસંભાળની લોકો સુધી પહોંચે છે. જો કે, ઘણા શહેરોમાં લોકો એક્ઝોસ્ટનો ધુમાડો અને ઘોંઘાટ દ્વારા ઉભી થયેલી આરોગ્ય અંગેની સમસ્યાઓથી પીડાય છે, ટ્રાફિક જામ લોકોનો સમય બગાડે છે, પરિણામે અર્થતંત્રને મોટું આર્થિક નુકસાન થાય છે. શહેરી પરિવહન પ્રણાલીઓમાં અશ્મિભૂત ઇંધણ પર આધારીત કાર ઉર્જાનો ખૂબ વપરાશ કરે છે અને ગ્રીનહાઉસ ગેસ (જીએચજી) ના ઉત્સર્જનમાં નોંધપાત્ર ફાળો આપે છે. સાયકલ ચલાવનાર અને રાહદારીઓ માટે માર્ગ અકસ્માતો જીવલેણ નીવડે છે. લાખો શહેરી ગરીબોને સલામત અને કાર્યક્ષમ પરિવહન સેવાઓથી વંચિત રહેવું પડે છે કારણ કે, તેઓ કાર ચલાવી શકતા નથી, તેથી તેઓએ રાહદારી અને સાઈકલ સવારો માટે અપૂરતી જાહેર પરિવહન સેવાઓ અને નબળી સુવિધાઓ પર આધાર રાખવો પડે છે.

શહેરી ગતિશીલતા પ્રત્યેનો અમારો અભિગમ સંક્ષિપ્તમાં આ રીતે વર્ણવી શકાય : કાર નહીં, લોકોનું પરિવહન! જાહેર પરિવહન, ચાલવું અને સાયકલ ચલાવવા જેવી પર્યાવરણ, સામાજિક અને આર્થિક રીતે ટકાઉ પરિવહનની રીતોને પ્રોત્સાહન ધ્યેય છે. તેથી, અમે ટકાઉ શહેરી ગતિશીલતા માટેની શ્રેષ્ઠ નીતિઓ ઘડવામાં અને બસ રેપિડ ટ્રાન્ઝિટ યોજનાઓ, સાયકલિંગ નેટવર્ક અથવા ટ્રાન્સપોર્ટ ડિમાન્ડ મેનેજમેન્ટ (ટીડીએમ) જેવા નક્કર પગલાંના અમલીકરણમાં ભાગીદાર દેશો અને શહેરોને સમર્થન આપીએ છીએ. ભાગીદાર દેશોમાં સ્થાનિક પ્રોજેક્ટ્સને પૂરક બનાવવા, આર્થિક સહકાર અને વિકાસ માટેના ફેડરલ મંત્રાલય વતી જીઆઈઝેડ દ્વારા સંચાલિત સસ્ટેનેબલ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ (એસયુટીપી) એ એક પ્રકાશન શ્રેણીમાં ટકાઉ શહેરી પરિવહન માટેના ઉકેલો અને શ્રેષ્ઠ રીતોનું સંકલન કર્યું છે. આ દસ્તાવેજ www.sutp.org પર વાંચી શકાશે.

આ પોસ્ટર પસંદ કરેલી ટકાઉ શહેરી પરિવહન નીતિઓ અને પગલાં દર્શાવે છે, જે શહેરોને વધુ સારી રીતે રહેવા યોગ્ય બનાવશે.


TUMI
Transformative Urban Mobility Initiative
giz Deutsche Gesellschaft für Internationale Zusammenarbeit (GIZ) GmbH
On behalf of
Federal Ministry for Economic Cooperation and Development
This poster is translated with support of Mr. Hitesh A. Topiwala (topihatsurat11@gmail.com)